ગાંધીનગર સમાચાર

તા. ૨૯-૫-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# પ્રજાકીય આંદોલનો પર વિવેકપૂર્ણ નિયંત્રણ જરૂરી

અનામતનું ડીંડવાણું બંધારણની રચનાના વખતથી ચાલતું આવ્યુ છે. શરુઆતમાં જે અનામત ફક્ત અનુસૂચિત જાતિ અને જનજાતિ પૂરતી મર્યાદિત હતી તે હવે સમાજના અન્ય પછાત વર્ગો (ઓબીસી) સુધી વિસ્તરી છે. આ ઓબીસી સમુદાયમાં સામેલ થવા માટે વિવિધ જ્ઞાતિ સમૂહો વચ્ચે હોડ જામેલી છે. પરંપરાગત ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા એક સમયના સમૃદ્ધ જ્ઞાતિસમૂહો પણ અનામતનો લાભ અંકે કરવા પછાત વર્ગનું લેબલ મેળવવા આકાશપાતાળ એક કરી રહ્યા છે. રાજસ્થાનમાં જાટ અને ગુર્જર જેવા ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ જનસમુદાય પ્રસ્થાપિત અનામત નીતિનો પોતાને લાભ નહીં મળતાં વારંવાર આંદોલનો કરતાં રહ્યા છે. વળી બેઉ પરસ્પરનો વિરોધ કરી પોતાના જ લાભની રાજનીતિ ચલાવતા રહે છે. બ્રિટીશ રાજમાં ગુજ્જોને અનુસૂચિત જનજાતિઓ - મીણા વગેરે સમકક્ષ ગણવામાં આવેલી એવી દલીલ આગળ ધરીને ગુર્જર નેતા કર્નલ બૈંસલા આંદોલન ચલાવી રહ્યા છે. આદિવાસીઓના પ્રમાણમાં સંપન્ન ગણાતા મીણા સમાજના લોકો આદિવાસીઓની હરોળમાં અનામતના લાભ લઈ જાય અને ગુર્જર રહી જાય તે કેમ ચાલે? પરંતુ આવી ખેંચમતાણમાં રાજકીય વગ ધરાવતો સમુદાય જ ફાવી જતો હોય છે. રાજસ્થાનમાં ધૌલપુર અને ભરતપુર જેવા જાટ રજવાડાં આવેલા છે. રાજસ્થાનમાં મુખ્યમંત્રી વસુંધરા રાજે ગ્વાલિયરના સિંધિયા રાજવંશનાં કુંવરી છે અને ધૌલપુરનાં મહારાણી છે. ભારતીય જનતા પાર્ટીએ એમને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર ઘોષિત કરીને મહદંશે કોંગ્રેસ સાથે રહેતા જાટ સમાજનું સમર્થન અંકે કરી લીધું છે. સામે કોંગ્રેસ પાસે રાજીવ ગાંધીના વિશ્વાસુ સાથી - ગુર્જર સમુદાયના સૌથી મોટા નેતા રાજેટ પાઈલટ હતા. એમના અકા અવસાન પછી કોંગ્રેસ એમના પુત્ર સચીન પાઈલટને પ્રદેશ કોંગ્રેસની ધુરા સોંપેલી છે. ગુર્જર જાતિની અનામત અંગેની માગણી સાથે અગાઉ આંદોલનનું નેતૃત્વ કરી ચૂકેલ કર્નલ કિરોડીસિંહ બૈંસલા દબંગ નેતા મોડી વહેલી એમની તમામ માગણીઓ રાજય સરકાર સ્વીકારશે એવો આત્મવિશ્વાસ ધરાવતા આ નિવૃત્ત ફૌજી વારંવાર પ્રજાને બાનમાં લેતા રહ્યા છે. રાજસ્થાન હાઈકોરટે રાજય સરકારના મુખ્ય સચિવ, ડાયરેકટર જનરલ ઓફ પોલીસ અને રેલવેના સંબંધિત અધિકારી (ડીઆરએમ) ને તાત્કાલિક કોર્ટમાં બોલાવી રેલવે ટ્રેક અને હાઈવે ક્લિયર કરવાનો કોર્ટે જે આદેશ કર્યો હતો તે અંગેનો અહેવાલ માંગ્યો હતો. ઉચ્ચ અધિકારી વર્ગને હાઈકોર્ટનો કડક ઠપકો સાંભળવો પડ્યો છે. સચિવાલયમાં બેસીને સરકાર ચલાવતા નેતાઓને પણ કોર્ટનો આ ઠપકો એટલો જ લાગુ પડે છે. કેન્દ્ર સરકારે ગુર્જરોને રેલવે ટ્રેક અને હાઈવે પરની હટાવવા હાઈકોર્ટના આદેશની નોંધ લઈ બીએસએફની ટુકડી પણ દૌસા ખાતે મોકલી આપી છે. જો ગુર્જર આંદોલનકારો સમજાવટથી રેલવે ટ્રેક અને હાઈવે પરથી નહી ખસે તો રાજય સરકાર અને રેલવે ખાતું નાછૂટકે બળપ્રયોગનો વિકલ્પ વિચારશે. ખાટલે ખોડ એ વાતની છે કે આપણા દેશમાં ચૂંટાયેલી સરકાર પ્રજાકીય માગણીઓ પરત્વે લાસરિયું વર્તન દાખવી એમને ખોટેખોટાં આશ્વાસનો આપવા ટેવાઈ ગઈ છે. ચૂંટણી વખતે એ જ વર્ગોને હાથ પર લઈ એમની તમામ માગણીઓને વાજબી માની લેવામાં આવે છે પણ ચૂંટણી પુરી થઈ ગયા પછી ચૂંટણી વચનો અભેરાઈને ચડાવી દેવાય છે. વારંવાર ભૂકંપની જેમ પ્રજાના માથે ત્રાટકતું ગુર્જર આંદોલન આવી લચર રાજનીતિનું જ પરિણામ છે. લોકશાહી વાજબી માગણીઓ રજૂ કરવાનો દરેક વ્યક્તિને તેમજ જનસમૂહને અધિકાર છે પરંતુ એ પૈકી કેટલી માગણીઓ વાજબી છે એ નક્કી કરવા માટે પણ વિવેકપૂર્ણ વિચારણા થવી જોઈએ. ગાંધી ચિંધ્યા 'સત્યાગ્રહ'નો જેટલો દુરપયોગ આઝાદ હિન્દુસ્તાનમાં થતો રહ્યો છે, તે જોતાં લોકશાહીમાં પ્રજાકીય આંદોલનો પર લક્ષ્મણરેખાઓ અંકાવી જોઈએ એવું જરુરી નથી લાગતું? પ્રજાના એક સમુદાયની માગણીઓ ગમે તેટલી વાજબી હોય તો પણ એ માટે બાકીની પ્રજાને બાનમાં લેવી તે કોઈ પણ માપદંડથી યોગ્ય ન ગણાવું જોઈએ. અદાલતોને આવી બાબતોમાં દખલ કરવી પડે તે આપણી લોકશાહીની શરમ ગણાવી જોઈએ. પ્રજાની પરિપક્વતાની પારાશીશી એ છે એ આંદોલન કરે તો એવી રીતે કરે કે રોજિંદી પ્રવૃત્તિઓમાં બાકીના લોકોને કશી હાલાકી ન પડે.

# વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ મોખરે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ફરી એકવાર વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ ચડીયાતી સાબિત થઈ છે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં કુલ ૮૧,૭૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૭૦,૦૯૯ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે. જ્યારે આ પરીક્ષામાં ૪૩,૭૬૫ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. જેમાંથી ૩૭,૯૮૨ વિદ્યાર્થીનીઓ ઉતિર્ણ થવાની સફળ રહી છે. જ્યારે કુલ ૧,૨૫,૫૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧,૦૮,૦૭૧ વિદ્યાર્થીઓ પાસીંગ માર્ક મેળવવામાં સફળ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ દરેક ક્ષેત્રમાં આગળ નીકળી રહી છે. આ પરંપરા આ વખતે પણ જારી રહી છે. વિદ્યાર્થીનીઓ આગળ નિકળવા માટે કેટલાક કારણો પણ આપવામાં આવી રહ્યા છે. બીજી બાજુ વાલીઓ વિદ્યાર્થીનીઓને લઈને વધારે જાગૃત થયા છે તે બાબત પણ આનાથી સાબિત થાય છે. આવનાર દિવસોમાં પણ આ પ્રવાહ જારી રહે તેવી શક્યતા છે. દરેક ક્ષેત્રમાં વિદ્યાર્થીનીઓ હાલમાં બાજી મારી રહી છે. ગુજરાતમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા વધુ શાનદાર રહ્યુંછે. આંકડા પરથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે.

# અમદાવાદ શહેરનું ૯૩.૫૩, ગ્રામ્યનું ૯૫.૫૪ ટકા પરિણામ

## અમદાવાદ ગ્રામ્યમાં એ૧ ગ્રેડમાં ૨૨ વિદ્યાર્થીનો સમાવેશ એ૨ ગ્રેડમાં શહેરમાં ૪૪૬, ગ્રામ્યમાં ૨૧૬ વિદ્યાર્થીઓ

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪ની પરીક્ષાનું આજે પરીણામ જાહેર કરાયું છે. જેમાં અમદાવાદ શહેરનું ૯૩.૫૩ ટકા સરેરાશ પરીણામ જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યનું સરેરાશ પરીણામ ૯૫.૫૪ ટકા રહ્યું છે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં અમદાવાદ શહેરમાંથી ૯૩૩૪ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૮,૭૩૦ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૫૩૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫,૧૨૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે. જ્યારે અમદાવાદ શહેરમાં ૩૮ વિદ્યાર્થીઓ એ-૧, ૪૪૬ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. તો અમદાવાદ ગ્રામ્યમાં ૨૨ વિદ્યાર્થી એ-૧ અને ૨૧૬ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં પાંચ વિદ્યાર્થીઓ ગેરરીતી કરતા ઝડપાયા હતા અમદાવાદમાં સૌથી વધુ પરીણામ એલીસબ્રિજ કેન્દ્રનું૯૮.૭૬ ટકા રહ્યું છે. જ્યારે સૌથી ઓછુ પરીણામ સરસપુર કેન્દ્ર ૬૪.૧૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે રાજયનાં ૧૨૯ જેટલા કેન્દ્રો પરથી લેવામાં આવેલી આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની લેવાયેલી પરીક્ષા સંપૂર્ણ રીતે સીસીટીવી અને ટેબલેટ બાજ નજર નીચે લેવાઈ હતી જેના વિડીયો ચેકીંગ દરમિયાન ૨૧૪ વિદ્યાર્થીઓ કોપી કરતા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત ૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન સ્કવોર્ડનાં હાથે ગેરરીતી આચરતા ઝડપાયા છે. જે તમામનાં પરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યા છે. જ્યારે સુપરવાઈઝર કામગીરીમાં બેદકારી દાખવનાર શિક્ષકોને પણ નોટીસ પાઠવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગુરુવારના દિવસે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને મેયરે શુભકામના આપી હતી.

## ગ્રેડવાર વિદ્યાર્થીની સંખ્યા...

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ગણિત વિષયના એટલે કે એ ગ્રુપનાં વિદ્યાર્થીઓ બી ગ્રુપ કરતા ચડીયાતા સાબિત થયા છે. એ ગ્રુપમાં ૭૧,૮૮૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમનું સરેરાશ પરીણામ ૮૯.૯૪ ટકા રહ્યું છે. જ્યારે બી ગ્રુપમાં ૫૩,૬૦૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમનું સરેરાશ પરિણામ ૮૦.૯૬ ટકા રહ્યું છે. તો એ-બી ગ્રુપમાં ૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમનુ સરેરાશ પરિણામ ૭૨.૭૩ ટકા રહ્યું છે. જ્યારે એ ગ્રુપમાં ૨૧૭ બી ગ્રુપમાં ૨૧૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામને લઈને પહેલાથી જ ભારે ઉત્સુકતા જોવા મળી હતી. ગ્રેડવાર ઉમેદવારોની સંખ્યાને લઈને વિશેષ ઉત્સુકતા રહી હતી. નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૧૯૨૯૮ જેટલી નોંધાઈ છે. જ્યારે ઈ૧ ગ્રેડમાં રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૮ જેટલી નોંધાઈ છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે એકંદરે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી પરિણામને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી હતી. આજે ઉત્સુકતાનો અંત આવ્યો હતો. હવે કોલેજોમાં જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવેશ લેવા માટે ધસારો જોવા મળશે.

ગ્રુપ પ્રમાણે વિદ્યાર્થીઓનું પરિણામ

| | એ- ગ્રુપ | બી- ગ્રુપ | એ-બી ગ્રુપ |
|---|---|---|---|
| પરીક્ષા આપનાર સંખ્યા | ૭૧,૮૮૪ | ૫૩,૬૦૯ | ૨૨ |
| સરેરાશ પરીણામ | ૮૯.૯૪ ટકા | ૮૦.૯૬ ટકા | ૭૨.૭૩ ટકા |
| એ-૧ ગ્રેડ | ૨૧૭ | ૨૧૦ | - |
| એ-૨ ગ્રેડ | ૨,૧૮૪ | ૧,૮૨૩ | ૧ |
| બી-૧ ગ્રેડ | ૫,૫૬૯ | ૩,૭૩૯ | ૩ |
| બી-૨ ગ્રેડ | ૯,૮૨૪ | ૫,૮૯૭ | ૪ |
| સી-૧ ગ્રેડ | ૧૬,૪૯૬ | ૯,૫૭૯ | ૪ |
| સી-૨ ગ્રેડ | ૨૧,૫૭૦ | ૧૪,૯૮૧ | ૪ |
| ડી ગ્રેડ | ૮,૭૩૭ | ૭,૧૨૪ | - |
| ઈ-૧ ગ્રેડ | ૫૬ | ૫૨ | - |
| નાપાસ | ૮,૧૪૩ | ૧૧,૧૪૬ | ૯ |

સૌ વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છા

## પરિણામની સાથે સાથે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરિણામ આજે સવારે સરેરાશ ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતુ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨ માર્ચથી ૨૩ માર્ચ દરમિયાન ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજયભરમાંથી ૧.૨૮ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

| | |
|---|---|
| રાજયનું સરેરાશ પરિણામ | ૮૬.૧૦ ટકા |
| વિદ્યાર્થીઓનું પરીણામ | ૮૫.૭૫ ટકા |
| વિદ્યાર્થીનીઓનું પરીણામ | ૮૬.૭૬ ટકા |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર-ગોડલ | ૯૯.૭૩ ટકા |
| ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર-છોટા ઉદયપુર | ૨૧.૯૯ ટકા |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો-રાજકોટ | ૯૬.૦૧ ટકા |
| ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો-છોટા ઉદયપુર | ૩૦.૨૭ ટકા |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૨૧૫ |
| ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળા | ૯ |
| એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૪૨૭ |
| એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૪,૦૦૮ |
| અંગ્રેજી માધ્યમનું પરિણામ | ૯૭.૯૬ ટકા |
| ગુજરાતી માધ્યમનું પરિણામ | ૮૪.૮૦ ટકા |
| એ ગ્રુપના ઉમેદવારોનું પરિણામ | ૮૯.૯૪ ટકા |
| બી ગ્રુપના ઉમેદવારોનું પરિણામ | ૮૦.૯૬ ટકા |
| એ-બી ગ્રુપના ઉમેદવારોનું પરિણામ | ૭૨.૭૩ ટકા |
| ૨૦ ટકા પાસિંગ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓ | ૩૯ |
| ગેરરીતીનાં કેસની સંખ્યા | ૨૧૪ |

# ૯૯થી પર પર્સન્ટાઈલ રેંક મેળવનાર વિદ્યાર્થી

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪નું આજે પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનને ધ્યાનમાં લઈને પ્રર્સન્ટાઈલ રેન્ક જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ એ ગ્રુપમાં ૭૨૨ વિદ્યાર્થીઓ ૯૯ થી વધુ પ્રર્સન્ટાઈલ રેન્ક મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે બી ગ્રુપમાં ૫૭૨ વિદ્યાર્થીઓ ૯૯ ઉપરનો પર્સન્ટાઈલ રેન્ક મેળવવામાં સફળ રહ્યા છે. આમ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧૨૬૩ વિદ્યાર્થીઓને ૯૯ ઉપર પર્સન્ટાઈલ રેન્ક આવ્યો છે.

પર્સન્ટાઈલ રેન્ક પ્રમાણે પરીણામ

| પર્સન્ટાઈલ રેન્ક | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૯૯થી વધુ | ૧૨૬૩ |
| ૯૮થી વધુ | ૨૫૬૯ |
| ૯૬થી વધુ | ૫૦૭૮ |
| ૯૦થી વધુ | ૧૨૬૫૧ |
| ૮૦થી વધુ | ૨૫૩૭૨ |
| ૭૦થી વધુ | ૩૭૮૭૯ |
| ૫૦થી વધુ | ૬૩૪૩૪ |
| ૪૦થી વધુ | ૭૬૦૬૨ |
| ૨૦થી વધુ | ૧,૦૦,૯૬૩ |
| ૧૦થી વધુ | ૧,૨૫,૫૧૫ |

## અંગ્રેજી માધ્યમનું ૯૩.૭૬ ટકા સરેરાશ પરિણામ રહ્યું

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરીણામ આજે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ચાલુ વર્ષે પણ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનો દબદબો જળવાઈ રહ્યો છે. અંગ્રેજી માધ્યમનુ સરેરાશ પરીણામ ૯૩.૭૬ ટકા રહ્યું છે જ્યારે ગુજરાતી માધ્યમનું સરેરાશ પરિણામ ૮૪.૮૦ ટકા રહ્યું છે. અન્ય માધ્યમોમાં હિંદી માધ્યમનું ૭૮.૨૧ ટકા, મરાઠી માધ્યમમાં ૬૯.૩૮ ટકા, ઉર્દુ માધ્યમનું ૬૭.૩૮ ટકા પરિણામ જાહેર થયું છે. જ્યારે રાજયનું સરેરાશ પરીણામ ૮૬.૧૦ ટકા જાહેર થયું છે. દિન પ્રતિદિન અંગ્રેજી માધ્યમની બોલબાલા વધી રહી છે. સાથે સાથે ગુજરાતી માધ્યમનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. મોટાભાગના વાલીઓ હવે બાળકોને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ અપાઈ રહ્યા છે જેથી હિન્દી અને ગુજરાતી માધ્યમનું પ્રમાણ ઘટી રહ્યું છે. રાષ્ટ્રીય ભાષા ગણાતી હિન્દી માધ્યમનું પરિણામ ૭૮.૨૧ નોંધાયું છે પરંતુ આશ્ચર્યની બાબત એ છે કે, હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓ હવે નહીવત રહ્યા છે. માત્ર ૧૫૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે ખુબ જ ચિંતાજનક બાબત બની ગઈ છે. હિન્દી માધ્યમને વધુ મહત્વ મળે તે ખુબ જરૂરી છે તેવો મત મોટાભાગના લોકો વ્યક્ત કરી રહ્યા છે. માધ્યમવાઈઝ પરિણામ નીચે મુજબ છે.

માધ્યમ પ્રમાણે પરિણામ

| માધ્યમ | હાજર વિદ્યાર્થી | પરીણામની સરેરાશ | એ-૧ ગ્રેડ | એ-૨ ગ્રેડ | નાપાસ |
|---|---|---|---|---|---|
| અંગ્રેજી | ૧૯૯૦૬ | ૯૩.૭૬ | ૧૯૨ | ૧,૩૩૧ | ૧,૫૪૧ |
| ગુજરાતી | ૧,૦૩,૮૪૬ | ૮૪.૮૦ | ૨૩૫ | ૨,૬૭૦ | ૧૭,૨૯૧ |
| હિન્દી | ૧૫૨૮ | ૭૮.૨૧ | - | ૭ | ૩૮૫ |
| મરાઠી | ૧૬૦ | ૬૯.૩૮ | - | - | ૪૯ |
| ઉર્દુ | ૭૫ | ૫૮.૬૭ | - | - | ૩૨ |

# રૂપિયાથી બધું જ ખરીદી શકાય એવો નાનકડો ઈગો ધરાવનાર વ્યક્તિ પરિવારમાં ઉધઈનું કામ કરે છે...

## સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

દુનિયાને "વસુધૈવ કુટુંબકમ્" નો સંદેશો આપનાર દેશમાં આજે સમાજ વ્યવસ્થા તૂટતી જાય છે. પરિવારો વિખરાતા જાય છે, પરસ્પર લાગણી અને સંવેદના કમજોર પડતા જાય છે. પારિવારિક એકતાના પાયામાં ઉંધઇ લાગતી જાય છે. 'આપણે સૌ'ના બદલે માત્ર 'હું' ની ભાવના જોર પકડતી જાય છે. મિલકતની વહેંચણીમાં મતભેદ સર્જાતા થોડું જતું કરવાને બદલે ભાઇની વિરુદ્ધ સગો ભાઇ કોર્ટના દરવાજા ખટખટાવે છે. મિલકતમાં મારો પણ હિસ્સો છે એમ કહી સગી બહેન ભાઇને અદાલતના દ્વારે ખેંચી જાય છે. મારા મૃત્યુ પછી મારા દીકરા મારું બારમું ન કરે તો? ના અવિશ્વાસ સાથે જીવતું જગતિયું (જીવનચર્યા) કરી વડીલો દીકરાઓ પ્રત્યે અવિશ્વાસનું જાહેરનામું બહાર પાડી દે છે કે અમો જીવોએ ત્યાં સુધી આ ઘર પર અમારો હક્ક રહેશે ત્યાર બાદ જ મિલકતના ભાગ પડી શકશે. પોતાની દીકરીઓના મામેરા કે જીયાણાની જોગવાઇ મા-બાપ જાતે કરતાં જાય છે. જાણે કે સર્વત્ર અવિશ્વાસનું વાતાવરણ જામતું જાય છે. આમાં અવારનવાર બનતી ઘટનાઓ કારણભૂત હોઇ શકે. પણ એક વાત નક્કી છે કે પારિવારિક એકતાના પાયામાં લુણો લાગતો જાય છે. સૌ એકબીજા પ્રત્યે શંકાની નજરે જોતા જાય છે અને છતાં સમાજ થાગડ થીગડ કરીને પણ નભી રહ્યો છે તે આપણા માટે આશાનું કિરણ છે.

પ્રત્યેક કુટુંબમાં જન્મેલતું બાળક એકલવાયાપણાની ગળથુથી પીને મોટું થાય છે. તેને એકલા રહેવું વધુ ફાવે છે. પોતાની પાસે થોડી સંપત્તિ ભેગી થાય એટલે પરિવારથી અળગા થવામાં પોતાનું શ્રેય છે એમ સમજતો થઇ જાય છે અને સાચે જ જયાં સંપત્તિનો અતિરેક થાય ત્યાં મન ટૂંકા થતા જાય છે. લાગણીઓ બુઠ્ઠી થતી જાય છે. હૃદય સંકુચિત થતા જાય છે પછી પોતાના સ્વજનોનો તેને ભાર લાગવા માંડે છે અને પારકા પોતાના કરવા મથામણ કરે છે કેટલાક લોકો એમ માને છે કે પૈસા એ જ સર્વસ્વ છે. પૈસાથી બધું જ ખરીદી શકાય, આવી ભ્રમણામાં તે ભ્રમિત થઇ જાય છે તેના હૃદય - મન પર એક નાનકડો ઇગો છવાઇ જાય છે. આ ઇગો પછી ઉંધઇનું કામ કરે છે. પછી સંબંધો પોલા બની જાય છે. ભીંતરથી પોલા બનેલાં સંબંધો ગમે ત્યારે કડડભૂસ કરતાં તૂટી પડે છે. આવા વાતાવરણ વચ્ચે સમાજમાં કેટલાંક પરિવારો એવા પણ જોવા મળે છે જેનો પરિવાર વિશાળ હોવા છતાં એક જ છત્ર નીચે એક જ રસોડે જમતા હોય (જો કે આવા કિસ્સા જવલ્લે જ જોવા મળતા હોય છે આમાં સમજદારી અને લેટ-ગો ની ભાવના બળવત્તર હોવી જરૂરી છે) સંજોગાવશાત્ એકબીજાથી અલગ રહેવું પડે છતાં કૌટુંબિક ભાવના જળવાઇ રહે તે માટે ક્યાંક ઘરના વડીલો સૌને લાગણીથી જોડેલા રાખવા પ્રયત્નશીલ રહે છે.

આજે એક એવા પરિવારની વાત કરવી છે જેમાં છ ભાઇઓનો પરિવાર છે. ત્રણ ભાઇઓ મૃત્યુ પામ્યા છે. પણ આ બધા પરિવારને એક સૂત્રે બાંધી રાખવા પરિવારના વડીલ ડાહ્યાભાઇ પ્રજાપતિ (જેઓ પેથાપુરના વતની છે) પ્રયત્નશીલ છે. ભાઇઓનો ૬૦ વ્યક્તિઓઓનો પરિવાર અને બહેન-દીકરીઓ, ભત્રીજી, ભાઇઓનો ૭૦નો પરિવાર વર્ષમાં એક-બે વાર અચુક મળે છે. બધા સાથે મળી જમે અને સુખદુ:ખના પ્રસંગોની આપલે કરી એકબીજાની પડખે ઉભા રહેવા પ્રયત્ન કરે. આ સ્નેહની ગાંઠ મજબૂત કરવા ડાહ્યાભાઇએ પરિવારમાં એક વિચાર વહેતો કર્યો કે લકઝરી બસ દ્વારા આખો પરિવાર ચાર દિવસના પ્રવાસે જઇએ, જયાં સૌ સાથે મળી આનંદ કિલ્લોલ કરીએ અને સંસારની ઝંઝાળમાંથી થોડો સમય અલિપ્ત બનીએ. વડીલનો આદેશ પરિવારના યુવા વર્ગે શિરોમાન્ય ગણી લીધો અને સર્વે યુવાનો જગદીશ, પ્રદીપ, કૃણાલ, પ્રફુલ્લ, મયુર, સંજય વિગેરે પિતરાઇ ભાઇઓએ જાતે જ આખા પ્રવાસની રૂપરેખા નક્કી કરી લકઝરી બસનું આયોજન કર્યું અને આખો પરિવાર અબાલ-વૃદ્ધ સૌએ ભેગા મળી પારિવારિક એકતાનો આનંદ લુંટ્યો. આ આખો પરિવાર મધ્યમવર્ગીય પરિવાર છે. બાપ-દાદાની કોઇ મિલકત ન હોવા છતાં જાત મહેનત કરી સૌ પગભર થયા છે. પણ દિલની અમીરાત જરાય કમ નથી. પ્રવાસમાં સૌ મુક્તમને હરીફરી શકે તેવું વાતાવરણ હતું કારણ કે વડીલો ઘુંઘટ પ્રથા કે સાડી જ પહેરવી તેવો આગ્રહ રાખ્યા ન હતા. વડીલો પણ બાળકો સાથે મળી હસી મજાક કરી, ગરમે ઘુમ્યા અને નૃત્યમાં પણ ભાગ લીધો. આમ આ પરિવારે પારિવારિક એકતાનું સુંદર ઉદાહરણ પુરું પાડ્યું.

બીજે એક પ્રસંગ ટૂંકમાં શેર કરીએ. મિલકતની વહેંચણીમાં પોતાને અન્યાય થયો છે તેમ લાગતાં એક બહેન સગાભાઇના વિરુદ્ધ કોર્ટમાં ગઇ. ભાઇઓની લાગણી ઘવાઇ. પરિવારની વાત ચર્ચાના ચગડોળે ન ચઢે તે માટે સૌએ સાથે મળી સમાધાન કર્યું. બહેનને તેનો ભાગ મળી ગયો. પણ તેને ભાઇઓ ગુમાવ્યા. ભાઇઓએ તે જ ક્ષણે નક્કી કર્યું કે આપણા ભાઇ-બહેનના લાગણીના સંબંધો અહિં પુરા થાય છે. લોહીના સંબંધના નાતે પ્રસંગમાં આમંત્રણ મળશે તો હાજર રહીશું પણ અમારી જવાબદારી અહિં પુરી થાય છે. ન મામેરાની ન ઝીયાણાની કે ન અન્ય પ્રસંગની. આમ મિલકતે દિલોને વિભાજીત કરવાનું કામ કર્યું જયારે એક મધ્યમવર્ગીય પરિવારે પારિવારિક એકતાનું સુંદર ઉદાહરણ રજુ કર્યું આવી વિચારધારા જ હિન્દુ સંસ્કૃતિ અને પારિવારિક ભાવનાને જીવંત રાખી શકે છે.

સમાજમાં ડાહ્યાભાઇ પ્રજાપતિનું પારિવારિક દુરંદેશીપણું અને પરિવારને એકસૂત્રે બાંધી રાખવાની ભાવના તથા પ્રદીપ, કૃણાલ, પ્રફુલ્લ, મયુર અને સંજય જેવા યુવાનો વડીલો પ્રત્યેની આદરભાવનાએ સમાજમાં પારિવારિક એકતા માટે દીવાદાંડી રુપ કામ કર્યું છે. આપણે સૌ આ પારિવારિક ભાવનાને સમજવા પ્રયત્ન કરીએ તો સામાજિક સમસ્યાઓના સમાધાન આપોઆપ મળી જતાં હોય છે. સંયુક્ત પરિવારમાં રહી ન શકીએ તો કંઇ નહીં સંયુક્ત પરિવારની ભાવનાઓને જીવંત રાખીએ તોય ઘણું છે...